ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૦ ટકા ● સાંજે ૩૦


# સે-૭માં રાત્રે દારૂડીયાઓએ ગલ્લાઓમાં તોડફોડ કરી

## દાબેલીની લારી ઊંધી કરી દઈ ચાની લારીનું પતરૂ ચીરી નાંખ્યું : ગલ્લાનું લોક ખોલી સિગારેટના પેકેટસની ચોરી કરીને સુટ્ટા માર્યા

ગાંધીનગર, તા.૧

શહેરના સેક્ટર-૭ શોપીંગ સેન્ટર ખાતે મધરાત્રે દારૂ પીતી ટોળકીએ ધમાલ મચાવી ચોરીનો પ્રયાસ કર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. નબીરાઓએ રાત્રે નશામાં ચુર થઈને ત્રણ ગલ્લાઓમાં તોડફોડ કરી હતી. ત્યારબાદ સિગારેટના એક ગલ્લાનું લોક ખોલીને અંદર ઘુસી સિગારેટના પેકેટસની ઉઠાંતરી કરી સિગારેટના સુટ્ટા માર્યા હતા અને ગલ્લામાંથી પરચુરણ ઉઠાવીને ટોળકી રફફુચક્કર થઈ ગઈ હતી.

મળતી માહિતી મુજબ ગઈ મોડી રાત્રે સેક્ટર-૭ના શોપીંગ





વિસ્તારમાં સિધ્ધી વિનાયક કોમ્પ્લેક્ષની સામેના ભાગે દારૂના નશામાં ધૂત થઈ ગયેલા કેટલાક નબીરાઓએ તોફાન મચાવ્યું હતું. ચાની લારી, દાબેલી-વડાપાઉંની લારી અને સિગારેટ-મસાલાનો ગલ્લો નિશાન બનાવી આ ત્રણેય લારી ગલ્લાઓમાં તોડફોડ કરી મુકી હતી. અસામાજીક તત્વોએ દાબેલીની લારીને ઉંધી કરી નાંખીને તેમાંથી પરચુરણ ઉઠાવી લીધા બાદ ચાની લારીના પતરા તોડવાનો પ્રયત્ન કર્યો હતો. ત્યારબાદ સિગારેટના ગલ્લાનું લોક આંચકા સાથે ખોલી નાંખીને અંદર ઘુસી સિગારેટના પેકેટસ ઉઠાવી પરચુરણ સેરવી લઈને બહાર નીકળી ગયા હતા અને સિગારેટ સળગાવીને દમ માર્યા હતા. ત્રણ નાના વેપારીઓને સવારે તેમના લારી ગલ્લાના થયેલા નુકશાન અંગે જાણ થતા પોલીસ મથકે પહોંચ્યા હતા અને ઘટના અંગે પોલીસ મથકે અરજી આપી હતી. સે-૭ પોલીસ આ બાબતને ગંભીરતાથી લઈને આ તત્વોને પકડવા દોડધામ શરુ કરી છે.

## આઈ લવ માય ગાંધીનગર



**ભરત કવિ**

**ગાંધીનગર ગમે**

ગાંધીનગર એ ગુજરાતનું હરિયાળું, સૌંદર્યથી ભરપૂર, સેવાકીય, સાહિત્ય, સાંસ્કૃતિક અને રાજકીય પ્રવૃત્તિઓથી ધબકતું નગર પાટનગર છે.

**નગરજનો**

એકંદરે પ્રેમાળ, મળતાવડા અને શાલસ વ્યક્તિઓ ગાંધીનગરના નગરજનો છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

વિશેષ કરીને સામાજિક સેવાક્ષેત્રે જોડાયેલી સંસ્થા 'આત્મન ફાઉન્ડેશન'ની પ્રવૃત્તિઓથી પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**

દરેકના મન અને હૃદયમાં ભ્રાતૃત્વ અને માનવીય ગુણો હંરહંમેશ વિકસતા અને વિસ્તરતા રહે એ જ શુભ ભાવના દરેક નગરજનોમાં રહે.

**નગર માટે હું કરી શકું**

સાહિત્ય અને સામાજિક પ્રવૃત્તિઓને વેગ મળે તે બાબતમાં સક્રિય રહેવાની તત્પરતા દાખવી શકું.

# પોલીસને મળેલા રૂ. ૨૦ હજાર એટીએમ સ્લીપ આધારે માલિક સુધી પહોંચ્યા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લાની ઈન્ફોસીટી પોલીસે રસ્તા પરથી મળેલા રૂ. ૨૦ હજાર રોકડા તેના માલીકને શોધીને તેમના સરનામે પહોંચાડી પ્રમાણિકતાનું ઉદહરણ પુરું પાડયું છે. ઈન્ફોસીટી નજીકથી રૂ. ૨૦ હજાર અને રૂપિયા ઉપાડયાની સ્લીપ મળી હતી. આ સ્લીપ લઈને બેંકમાં જઈ પોલીસે ખાતેદારની વિગતો મેળવીને સે-૩-ન્યુ ખાતે રૂપિયાના માલિકના ઘરે જઈ તેમના ૨૦ હજાર રૂપિયા સુપ્રત કરતા રૂપિયાના માલિક નિવૃત્ત કાકાના આંખમાંથી હરખનાં આંસુ નિકળી ગયા હતાં.

સેકટર-૩-ન્યુ પ્લોટ નં. ૨૩૯/૨ ખાતે રહેતા નિવૃત્ત કાકા વિષ્ણુભાઈ રઘુરામજી વૈષ્ણવ ગઈકાલે ઈન્ફોસીટી ખાતે બેંક ઓફ ઈન્ડિયાના એટીએમમાં રૂપિયા ઉપાડવા ગયા હતા. રૂ. ૨૦ હજાર ઉપાડીને તે બહાર નિકળ્યા અને ઘરે પહોંચ્યા ત્યારે ખબર પડી કે તેમણે ઉપાડેલા રૂપિયા કયાંક પડી ગયા હતાં. ચિંતાતુર નિવૃત્ત કાકાએ શોધખોળ કરી પરંતુ રૂપિયા મળ્યા નહીં. દરમિયાન ઈન્ફોસીટી ઈન્ચાર્જ પી.આઈ. ડી.બી. વાળાની સર્વેલન્સ ટીમના એએસઆઈ પુનમભાઈ તથા સ્ટાફના માણસો પેટ્રોલીગમાં હતા ત્યારે એટીએમ નજીકથી જ રૂ. ૨૦ હજાર રોકડા તથા એક એટીએમની સ્લીપ મળી આવી હતી. સ્લીપને આધારે પુનમભાઈની ટીમ બેંકમાં પહોંચી અને ખાતેદારની વગતો મેળવી સે-૩-ન્યુમાં વિષ્ણુભાઈ વૈષ્ણવના ઘરે પોલીસ પહોંચી હતી. મકાનના રીનોવેશન માટે બેંકમાંથી ઉપાડેલા રૂપિયા રસ્તામાં પડી ગયા હતા. તે પોલીસ ઘરે આવીને આપી ગઈ તે જોઈને આશ્ચર્યચકિત થઈ ગયેલા વિષ્ણુભાઈના આંખમાંથી હરખનાં ઝરઝરીયા નીકળી ગયા હતાં.

**સે-૩-ન્યુના નિવૃત્ત કાકાએ ઈન્ફોસીટી ખાતે બેંકમાંથી રૂપિયા ઉપાડયા અને પડી ગયા : પોલીસને રૂ. ૨૦ હજાર અને બેંક એટીએમ સ્લીપ મળી : સ્લીપ આધારે ખાતેદારનું નામ મેળવી પોલીસે નિવૃત્ત કાકાના સરનામે જઈ રૂપિયા પરત કરી પ્રમાણિકતા દાખવી**





### ગેજીયા ખાતે પ્રોવિડંડ ફંડ માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

ભારત સરાકરના પ્રોવિડંડ ફંડ ડિપાર્ટમેન્ટ દ્વારા 'એમ્પ્લોઈઝ એનરોલમેન્ટ કેમ્પેઈન-૨૦૧૭' શરુ કરવામાં આવ્યું છે. આ કેમ્પેઈન અંગે ગાંધીનગરની સે-૨૫ની જીઆઈડીસી ખાતે ગેજીયાના ઓડિટોરિયમ ખાતે માર્ગદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં શહેરના ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતાં.

'એમ્પ્લોઈઝ એનરોલમેન્ટ કેમ્પેઈન-૨૦૧૭' માર્ગદર્શન કાર્યક્રમમાં અમદાવાદના પ્રોવિડંડ ફંડના કમિશનર અજિતકુમાર, આસીસ્ટન્ટ કમિશનર અંકેશ શ્રીવાસ્તવ તથા રિજીયોનલ પ્રોવિડંડ કમિશનર ઓફિસ દ્વારા વિસ્તૃત માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર ઈલેકટ્રોનિકસ ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન-ગેજીયાના પ્રમુખ એચ.એમ. પટેલ, ઉપપ્રમુખ સમીરભાઈ ત્રિવેદી, સેક્રેટરી સુધિર વિચારે સહિત એસ્ટેટના ઉદ્યોગકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## @ગાંધીનગર

● ગાયત્રી મંદિર ખાતે સવારે ૭.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન નિઃશુલ્ક યોગ ધ્યાન શિબિર યોજાશે.

● ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ કાર્યવાહક સમિતિની બેઠક સાંજે ૪.૦૦ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજે માળ, સે-૨૨ ખાતે યોજાશે.

## વાતવાતમાં

● નર્મદા જિલ્લાના તિલકવાડાથી અસરગ્રસ્તો વહેલી સવારે છ વાગ્યાથી સે-૬ની સત્યાગ્રહ છાવણી ખાતે આવી પહોંચ્યા હતા. આ અસરગ્રસ્તો ભૂખ્યા તરસ્યા હોવાથી પોલીસે માનવતા દાખવતા ૬ કોથળા ભરી તેમના માટે પાણીના પાઉચની વ્યવસ્થા કરી હતી.

● સેકટર-૨૮ જીઆઈડીસીમાં બુધવારે સાંજે જીટીપીએલનું નેટવર્ક ૨ કલાક સુધી ખોરવાયું હતું. નેટવર્ક ખોરવાતા જીઆઈડીસીના ઉદ્યોગકારો તથા વેપારીઓના ઈન્ટરનેટ થકી થતા કામકાજ અટકી પડતા અસંતોષ વ્યાપ્યો હતો.

● ગાંધીનગરના સિવિલ હોસ્પિટલ કેમ્પસના ઓડિટોરિયમ ખાતે 'યુગ પુરુષ' નાટકનો શો રજૂ થયો હતો. આ નાટક રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના માનસ ગુરુ પૂ. રાજચંદ્ર મહારાજના જીવન પર આધારિત હતું.

● રાજયમાં પર્યાવરણને અંકુશિત કરવા કાર્યરત 'ગેમી'ના સ્થાપના દિન ૧લી માર્ચે યોજાયેલ ઉજવણી કાર્યક્રમમાં મુખ્ય મહેમાન મંત્રી શંકરભાઈ ચૌધરી ખૂબ મોડા પડયા હતા. મંત્રીના મોડા આવવાની બાબત સમગ્ર કાર્યક્રમમાં ચર્ચાસ્પદ બની હતી.





ગાંધીનગરના સંનિષ્ઠ સમાજસેવક મિલિંદ પ્ર. ગુપ્તેને આર્શિવાદ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે 'ધરતી રત્ન એવોર્ડ' દ્વારા સન્માનવામાં આવ્યા છે. અમદાવાદના શાહીબાગ ખાતે સરદાર પટેલ રાષ્ટ્રીય સંગ્રહાલય ખાતે યોજાયેલ સમારંભમાં મિલિન્દ ગુપ્તે તથા તેમના ધર્મપત્નિ શ્રુતિબેન ગુપ્તેને ૧૫૦૦થી વધુ આમંત્રિતો વચ્ચે એવોર્ડ એનાયત કરવા સાથે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી ગજાનન સેવા સમિતિના ૨૭ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે મિલિન્દ ગુપ્તેને વનવાસી વિસ્તારોમાં પ્રસંશનાત્મક સેવા કામગીરી માટે આ એવોર્ડ આપવામાં આવ્યો છે.

# નોટબંધી ખરેખર કેટલી સફળનો જવાબ કડી યુનિવર્સિટીની આજની પ્રિ-કોન્ફરન્સમાં શોધાશે

ગાંધીનગર, તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગત ડિસેમ્બર માસમાં લાદેલી 'નોટબંધી' ખરેખર સફળ રહી કે કેમ? આ નોટબંધીની અર્થતંત્ર પર કેવી અસરો પડી? નોટબંધીના કારણે રાષ્ટ્રના વિકાસ પર કોઈ નોંધપાત્ર અસર પડી? આ તમામ સવાલોના જવાબ મળશે આવતીકાલે કડી સર્વ વિશ્વ વિદ્યાલય કેમ્પસના એલડીઆરપી હોલ ખાતે યોજાનારી પ્રિ-કોન્ફરન્સમાં 'ભારતીય અર્થતંત્રના વિવિધ ક્ષેત્રો પર વિમુદ્રિકરણની અસરો' વિષય પર આયોજિત આ પ્રિ-કોન્ફરન્સ ઈવેન્ટમાં અદાણી ફાઉન્ડેશનના સલાહકાર ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની, ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સના પ્રમુખ બિપીન પટેલ, જાણીતા અર્થશાસ્ત્રી ડૉ. હેમંત શાહ સહિતના તજજ્ઞો નોટબંધીની અર્થતંત્ર પરની અસરો અંગે ચર્ચા હાથ ધરશે.

આ ઈવેન્ટમાં સરદાર પટેલ યુનિ.ના ડિપાર્ટમેન્ટ ઓફ બીઝનેસ સ્ટડીઝના હેડ ઓફ પીજી ડૉ.સંદિપ ભટ્ટ, મહેતા એન્ડ શેઠ એસોસિએટસના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કેતન મહેતા, કસ્ટમર એસોસિએટ બેન્કર હર્ષલ માંકડ તથા ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના પોલીટીકલ સાયન્સના એચઓડી ડૉ. હેમા જીકાદરા પણ આ ચર્ચામાં જોડાશે. આ પ્રિ-કોન્ફરન્સ ઈવેન્ટનો હેતુ કેન્દ્ર સરકારના નોટબંધીના નિર્ણયની અસરકારકતા તથા તેના કારણે આવનારા સમયમાં નાણાંકીય બજારોની દિશા અને કેશલેસ ઈકોનોમીના વિકાસ અંગે નિષ્ણાતોનો મત જાણી તે અંગે યોગ્ય સમજણ કેળવવાનો છે. આ પ્રિ-કોન્ફરન્સ ઈવેન્ટનું આયોજન કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ દ્વારા કરવામાં આવ્યું છે.

## છત્રાલ જીઆઈડીસી નજીકથી ચોરીના મોબાઈલો સાથે એક ઝડપાયો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એસ.ઓ.જી. પી.આઈ. જે.ડી. પુરોહીતે તેમની ટીમને ચોરો પકડવા બાતમીદારો સક્રીય કરવા સુચના આપી હતી. દરમિયાન આજે એસ.ઓ.જી.ના એએસઆઈ જયંતિભાઈ, હે.કો. રાજેશભાઈ, રવિન્દ્રકુમાર, અજયકુમાર અને કોન્સ્ટેબલ ધિરેન્દ્રસિંહની ટીમ કલોલના છત્રાલ જીઆઈડીસી ખાતે પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી આધારે મહેસાણાના લુણાસણ વિસ્તારના મહેન્દ્ર ઉર્ફે મઈન બાબુ સેનમાને પકડયો હતો. તે જે એકટીવા લઈને નિકળ્યો હતો તેના દસ્તાવેજો પણ તેની પાસે ન હતા અને તેની પાસેથી મળેલા ચાર મોબાઈલોના પણ બિલો ન હતાં. ચોરીના મોબાઈલો અને એકટીવા કબજે લઈ આ શખ્સની ધરપકડ કરી ઉંડી પુછતાછ શરુ કરવામાં આવી છે.

# કેએસવીના લા-કંપાસ ટેકનિકલ મેગા ફેસ્ટિવલમાં ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરની સે-૧૫માં કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન વિવિધ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટના સંયુકત ઉપક્રમે લા-કંપાસ ટેકનિકલ મેગા ફેસ્ટિવલ યોજાયો હતો. આ ફેસ્ટિવલનું ઉદઘાટન યુનિવર્સિટીના ડાયરેકટર ડી.ટી. કાપડિયા, ટોપ્સ ટેકનોલોજીસના સીઈઓ નિરવ મોદી, એમએસસી-આઈટી, એસએમએમપી-આઈએસઆરના હેડ ડૉ. ભદ્રેશ પંડયા, કોમ્પ્યુટર સાયન્સના ડીન ડૉ. એસ.એમ. શાહ અને એમસીએ એલડીઆરપી-આઈટીઆરના હેડ ડૉ. કેયુર શાહ સહિત આઈટી ક્ષેત્રના તજજ્ઞોની ઉપસ્થિતિમાં કરાયો હતો.

આ પ્રસંગે ટોપ્સ ટેકનોલોજીસના સીઈઓ નિરવ મોદીએ વિદ્યાર્થીઓને આધુનિક ટેકનોલોજીના સમયમાં આઈઓટી અંગે વિસ્તારપૂર્વક માહિતી આપી હતી. ડૉ. ભદ્રેશ પંડયાએ લા-કંપાસ ફેસ્ટિવલના આયોજનનો હેતુ સ્પષ્ટ કર્યો હતો. આ મેગા ફેસ્ટિવલમાં ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા. ફેસ્ટિવલની કેટલીક ઈવેન્ટસ સે-૧૫માં તથા કેટલીક ઈવેન્ટસ સે-૨૩ના કેમ્પસમાં યોજાઈ હતી. આ ઈવેન્ટમાં રાજયભરમાંથી વિવિધ કોલેજોમાંથી આવેલા વિદ્યાર્થીઓએ ડી-કોડીન, સ્પેલ વેલ, સાયબર હન્ટ, ટેકનો આર્ટ, વેબી મેશન, લોકો કવીઝ ટેકનો ગ્રીક જેવી ૧૫ જેટલી ટેકનિકલ ઈવેન્ટસમાં ભાગ લીધો હતો. ઉદઘાટન સમારંભના અંતમાં ડૉ. કેયુર શાહે આભાર દર્શન વ્યકત કર્યું હતું. આ પ્રસંગે આઈઓટી વિષયે સેમિનારનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## નિકી મેટરનીટી હોમ ખાતે મફત નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર નિકી હોસ્પિટલ સેકટર-૨૯ દ્વારા તા. ૫-૨-૨૦૧૭ને રવિવાર સવારે ૯ થી ૧ દરમિયાન વિના મૂલ્યે નિદાન કેમ્પ યોજાનાર છે. મફત નિદાન કેમ્પમાં હાડકામાં કેલ્શિયમની તપાસ, હિમોગ્લોબીન, વજન વધારાની સમસ્યા, ચરબીનું પ્રમાણ, ડાયેટિશયન દ્વારા આહાર અને યોગાનું માર્ગદર્શન અપાશે. સાથે આ કેમ્પમાં ડેન્ટલચેક અપ પણ કરી આપવામાં આવશે.

## સે-૪માં રહેતો યુવાન બે સપ્તાહથી લાપતા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના સેકટર-૪-બી પ્લોટ નં. ૪૭૪/૨ ખાતે રહેતો ૩૦ વર્ષીય યુવાન ગૌરવ વિઠ્ઠલભાઈ



પરમાર ૧૭ ફેબ્રુઆરીએ સાંજે પોતાના ઘરેથી કોઈને કાંઈ કહ્યા વગર નિકળી ગયો હતો. બે સપ્તાહ થઈ ગયા હોવા છતાં તેનો આજ દિન સુધી કોઈ પત્તો લાગ્યો નથી ગૌરવને માનસિક બિમારીની દવાઓ ચાલી રહી હતી. સે-૭ પોલીસ મથકમાં માતાએ દિકરાના ગુમ થવા અંગે જાણવા જોગ આપતા પોલીસે તેની શોધખોળ આરંભી છે.

# 'ગેમી'ના સ્થાપના દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૧

વિકાસના કેન્દ્ર સ્થાને પર્યાવરણ અને જીવસૃષ્ટિ હોવી જોઈએ. વિકાસની વ્યાખ્યા માત્ર આર્થિક નહીં પણ તે મન અને નૈતિકતા સાથે પણ જોડાયેલી છે તેમ આજે ગાંધીનગર ખાતે ગુજરાત એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ (ગેમી)ના સ્થાપના દિવસ ૧લી માર્ચની ઉજવણી પ્રસંગે પર્યાવરણ મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ આ પ્રસંગે કહ્યું હતું કે ગેમીના માધ્યમથી પર્યાવરણ બચાવવા જતન કરવા અંગેના નવા નવા સંશોધન શકય બન્યા છે. પર્યાવરણ ક્ષેત્રે નવા આયામો સર કરવાનું ગેમી શ્રેષ્ઠ મંચ છે. જેનો આપણે પર્યાવરણના સંરક્ષણ માટે મહત્તમ ઉપયોગ કરવો જોઈએ. ગ્રામ્ય જીવનમાં પર્યાવરણની સતત







કાળજી લેવાઈ રહી છે જયારે શહેરોમાં પ્રદૂષણના કારણે જીવન મુશ્કેલ બનતું જાય છે. આપણે પ્રકૃતિનું શોષણ નહીં પણ દોહન કરવું જોઈએ. ગેમી પર્યાવરણ વ્યવસ્થાપન ક્ષેત્રે માત્ર દેશની જ નહીં પણ વિશ્વની શ્રેષ્ઠ સંસ્થા બને તેવા સાથે મળી પ્રયાસો કરવા મંત્રીશ્રીએ સૌને અનુરોધ કર્યો હતો.

અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ફોરેસ્ટ શ્રી કુલદીપ ગોયેલે ગેમીના સ્થાપનાના ૧૮ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થવા બદલ અભિનંદન પાઠવતા કહ્યું હતું કે, વન અને પર્યાવરણ એક બીજાના પર્યાય છે, જંગલો પૃથ્વીના ફેફસાં તરીકે ઓળખાય છે. ગ્લોબલ વોર્મિંગ અટકાવવા વધુ વૃક્ષો ઉછેરવા ખૂબ જ જરુરી છે. ગેમી પર્યાવરણ ક્ષેત્રે દેશની એક માત્ર સંશોધન કરતી સંસ્થા છે. ગેમી દ્વારા વિવિધ વિસ્તારોમાં ગ્રામ્ય પર્યાવરણ ઉપર પણ સંશોધન કરવામાં આવે છે.જે આપણા માટે ગૌરવ સમાન છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે સામાજિક કાર્યકર શ્રી સોમભાઈ મોદી તેમજ જીપીસીબી સભ્યસચિવશ્રી કે.સી. મિસ્ત્રીએ પ્રાસંગિક ઉદબોધન આપ્યું હતું.

આ પ્રસંગે ગેમીના ડાયરેક્ટર ડો. સંજીવ ત્યાગીએ જણાવ્યું હતું કે ગેમીના સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે ઉપસ્થિત લોકો માટે ખાસ ગેમીની પ્રયોગશાળાનું પ્રેઝન્ટેશન – અ વર્લ્ડ કલાસ ઈનીશીએટિવ પ્રદર્શિત કરવામાં આવ્યુ હતું. તે ઉપરાંત આ પ્રસંગે ગેમીની પ્રયોગશાળા અને સંસ્થાની ફિલ્મો બતાવવાની સાથે સાથે ગેમીના વિવિધ પ્રોજેક્ટના ફોટોનું પ્રેઝન્ટેશન પણ ખુલ્લુ મુકવામાં આવ્યુ હતુ.

આ ઉજવણીમાં ગેમીની વર્ષોત્તર વર્ષ સુધીની પ્રગતિનું થીમ પ્રેઝન્ટેશન, ગેમીની પ્રયોગશાળાનું પ્રેઝન્ટેશન- અ વર્લ્ડ કલાસ ઈનીશીએટીવ, ગેમીની પ્રયોગશાળા તેમજ સંસ્થાની ફિલ્મો, ફોટો પ્રદર્શન ગેમીની પ્રવૃત્તિઓ તથા તેની ભાવિ દૃષ્ટિ ઉપર ગેમીના વૈજ્ઞાનિકો-ઈજનેરો દ્વારા વિવિધ કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા.

આ ઉજવણી પ્રસંગે ગેમીના વૈજ્ઞાનિકો, ઈજનેરો તથા એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## ચિરવિદાય

- સ્વ. અશ્વિનભાઈ ઠાકોરલાલ સોની, ઉ.વ. ૭૪
- સ્વ. ઉર્મિલાબેન ચંદ્રવદન મકવાણા, ઉ.વ. ૪૨
- સ્વ. જનાર્દન શાંતિલાલ જોશી, ઉ.વ. ૮૭